


વસંતના વધામણા - વસંતના આગમનનું કાઉન્ટ-ડાઉન ગાંધીનગરમાં અનુભવાય છે... શહેરનો પ્રાકૃતિક વૈભવ હવે સોળે કળાએ ખીલી ઉઠશે... કેસૂડાના ફુલ હોય કે આંબાનો મહોર હોય વૃક્ષે-વૃક્ષે અનોખી ચેતના પ્રતિબિંબિત થશે... જેના આપણે વસંતના નામે ઓળખીશું એવી તાજગી હવે ગાંધીનગરના મનવૈભવમાં માણવા મળશે...

# જિલ્લાના ૬ ડેપ્યુટી કલેક્ટરોની બદલી કરાઈ

### ગાંધીનગર પ્રાંત તરીકે બ્રિજેશ મોડિયા, કલોલ પ્રાંત તરીકે ક્રિષ્ણાબા વાઘેલા, મ્યુનિ. કમિશનર તરીકે કીરીટ જેઠવા, સુ.શ્રી માનસેતાની નિયુક્તી કરાઈ

ગાંધીનગર, તા. ૩

રાજ્યના મહેસુલીતંત્રમાં ગઈકાલે મોડી રાત્રે સરકારે કરેલા વ્યાપક બદલીના હુકમોની અસર ગાંધીનગર જિલ્લાને પણ થઈ છે. જિલ્લા વહીવટીતંત્રના ૪ ડે. કલેક્ટરોની બદલી થઈ છે અને મહાનગરપાલિકાના બે નાયબ મ્યુનિ. કમિશનરોની બદલી થઈ છે.

ગાંધીનગર પ્રાંત અધિકારી ભોરણિયા, કલોલ પ્રાંત અધિકારી એ.ડી. જોશી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.એમ. ઠક્કર, જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપમા ગઢવી તેમજ બે નાયબ મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવે અને સુશ્રી પૂજા બાવડાની બદલી થઈ છે.

માણસા પ્રાંત તરીકે ફરજો બજાવતા યોગીજીરાજસિંહ જાડેજા અને દહેગામ પ્રાંત તરીકે ફરજો બજાવતા શ્વેતાબેનની પણ તાલિમને અંતે અન્ય જિલ્લાઓમાં બદલી કરી નિમણુંક આપવામાં આવી છે. જાડેજાને સુરેન્દ્રનગર જિલ્લામાં અને સુશ્રી શ્વેતાબેનને અમરેલીમાં નિમણુંક અપાઈ છે.

ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવેને બદલીને કડી પ્રાંત અધિકારી તરીકે તો સુશ્રી પૂજા બાવડાને સરદાર સરોવર નિગમની વડોદરા ખાતેની કચેરીમાં બદલી કરવામાં આવી છે.

મનપામાં બે નાયબ મ્યુનિ. કમિશનર તરીકે કિરીટ જેઠવા અને સુશ્રી માનસેતાની નિયુક્તી કરવામાં આવી છે.

ભોણિયાની બદલી અમદાવાદમાં સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર તરીકે થઈ છે તેમના સ્થાને બ્રિજેશ મોડિયાની નિમણુંક કરવામાં આવી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઠક્કરની બદલી અમદાવાદ ઈષ્ટના પ્રાંત તરીકે કરવામાં આવી છે તેમના સ્થાને મેહુલ પંડ્યાની નિમણુંક કરવામાં આવી છે.

કલોલ પ્રાંત અધિકારી એ.ડી. જોશીની બદલી ગોંડલ થઈ છે અને તેમના સ્થાને ક્રિષ્ણાબા વાઘેલાની બદલી નિમણુંક કરવામાં આવી છે.

પુરવઠા અધિકારી નિરૂપમા ગઢવીની બદલી ખંભાત પ્રાંત તરીકે કરાઈ છે તેમના સ્થાને કુ. એ.આર. ઠક્કરની નિયુક્તી કરવામાં આવી છે.

# એક દિકરાના ઘરેથી બીજા દિકરાના ઘરે જવા નિકળેલા પિતાનું "હવામાં" જ દેહાંત..!!

ગાંધીનગર તા.૦૩

"ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થવાનું છે?" ખૂબ જાણીતી આ ઉક્તિ જીવનની અનિશ્ચિતતાઓ દર્શાવે છે અને માનવીનું જીવન ક્ષણભંગુર છે જે ક્યારે અને ક્યાં કેવી રીતે સમેટાઇ જાય છે જે કોઈ જાણી શકતું નથી. શહેરમાં રહેતા એક દિકરા પાસેથી વિદેશમાં રહેતા પોતાના બીજા દીકરાને ત્યાં જઈ રહેલા એક પિતાનું અધવચ્ચે હવામાં જ દેહાંત થઈ જવાની ઘટના સર્જાઇ હતી.



શહેરમાં અખબારી આલમમાં અનુભવી વિક્રેતા તરીકે જાણીતા ૭૫ વર્ષીય જે. કે. પટેલનું તા.૧લી તારીખે રાત્રે તેઓ હવાઈ માર્ગે સફર કરી રહ્યાં હતા ત્યારે જ થવા પામ્યું હતું. સ્વ.જે. કે. પટેલ તા.૧લી ફેબ્રુઆરીના રોજ સેક્ટર-૮ ખાતે રહેતા પોતાના દિકરા નિલેશભાઈના ઘરેથી કેનેડાના વાનકુંવર ખાતે રહેતા બીજા દિકરા મૃગેશભાઈના ઘરે જવા તેમના ધર્મપત્નિ સાથે અમદાવાદથી રાત્રે ૯ વાગ્યાની ફ્લાઈટમાં દિલ્હી જવા નિકળ્યાં હતાં. તેમની બીજા દિવસે તા.૨જી ફેબ્રુઆરીના રોજ સવારે દિલ્હીથી કેનેડા જવાની ફ્લાઈટ હતી પરંતુ તા.૧લી જાન્યુઆરીએ રાત્રે લગભગ ૧૧ વાગ્યાના સુમારે જ્યારે તેમની ફ્લાઈટ દિલ્હી પહોંચે તે પહેલાં તેમને હળવો હાર્ટએટેક આવી જતાં તેમનું ફ્લાઈટમાં જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તેમની દિકરી જિજ્ઞાસાબેન પણ કેનેડા ખાતે સ્થાયી છે અને તેઓ વર્ષ ૨૦૦૬થી અત્યાર સુધીમાં આશરે સાતેકવાર કેનેડા જઈને રોકાણ કરી ચુક્યાં હતા. આજે તા.૩જી જાન્યુઆરીએ સવારે સ્વ.જે.કે.પટેલના પાર્થિવ દેહની મુક્તિધામ ખાતે અંતિમક્રિયા સંપન્ન કરવામાં આવી હતી.

# શહેરમાં વારંવાર બદલાતું વાતાવરણ બુધવારે રાત્રે તાપમાન ૧૬.૮ ડીગ્રી

### મહત્તમ તાપમાનમાં પણ ચાર ડીગ્રીનો ઘટાડો : આગામી દિવસોમાં ઠંડીનો મિજાજ ઉગ્ર બને તેવી સંભાવના

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં આજે સવારે વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમમાં બદલાવ જોવા મળ્યો હતો જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનુ જોર ઘટી ગયુ હતુ. ઠંડીમાં ૫ ડીગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. આજે લઘુત્તમ તાપમાન ૧૬. ડીગ્રી રહ્યુ હતુ. જયારે છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાન પણ વધી રહ્યુ છે. ત્યારે દિવસે ગરમીનો અહેસાસ પણ થઈ રહ્યો છે. જો કે આજના વાતાવરણ પલ્ટાના અંતે દિવસુ તાપમાન પણ ૪ ડીગ્રી ગગડયુ હતુ. જયારે સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધીને ૮૭ ટકા રહ્યુ હતુ. વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે નગરજનોએ આજે ઠંડીમાં રાહત અનુભવી હતી. જો કે આગામી બે દિવસમાં ઠંડીનુ જોર વધે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં ઠંડીની સિઝન આ વર્ષે કાતિલ પુરવાર થઈ છે. શહેરમાં છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. જયારે ઠંડીની દ્રષ્ટીએ ગાંધીનગર રાજયનુ સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ છે. કાતિલ ઠંડીના ચમકારા વચ્ચે સુસવાટા મારતા ઠંડા પવનના લીધે કોલ્ડવેવનુ જોર બેવડાતા નગરજનો ઠંડીના દિવસોમાં ઘરમાં જ પુરાયેલા રહેવાનુ પસંદ કરી રહ્યા છે. ઠંડીના પ્રમાણમાં રોજબરોજ વધઘટ જોવા મળી રહી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીની આસપાસ રહ્યુ હતુ જયારે આજે ઠંડીનો પારો ૧૭ ડીગ્રીની નજીક પહોંચી જતા વાતાવરણમાંથી ઠંડી જાણે અદ્રશ્ય થઈ ગઈ હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાન પણ ૩૨ ડીગ્રીની આસપાસ રહેતુ હોવાથી દિવસે ઉનાળા જેવો આકરો તાપ અનુભવતા રીતસર ગરમીની સિઝન ચાલુ થઈ ગઈ હોવાનો અનુભવતા હતા. ઠંડીનુ જોર ઘટવાની સાથે મહત્તમ તાપમાન પણ ઉંચકતા વાતાવરણ બેવડી રીતે પ્રભાવિત થયુ હતુ. ગત મહીના દરમિયાન સતત ઠંડીનો મિજાજ ઉગ્ર રહેતા લઘુત્તમ તાપમાન સતત સિંગ્લ ડીઝીટમાં રહ્યુ હતુ. જાન્યુઆરી મહીનામાં શહેર ઠંડુગાર રહેતા આક્રમક ઠંડીથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે ફેબ્રુઆરીની શરૂઆતમાં જ ઠંડીનુ જોર ઘટયુ હતુ. નગરજનોએ આકરી ઠંડીમાં રાહત અનુભવી હતી. જો કે બે દિવસના અંતે ગઈકાલે ઠંડીનો પારો ઉચકાતા લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીની આસપાસ આવી ગયુ હતુ. જયારે આજે સવારે વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશી નઝારો બદલાયો હતો. જયારે સવારથી જ ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ઠંડી ઘટવાની સાથે મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો.

ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન પણ ૪ ડીગ્રીનો તફાવત રહ્યો હતો. આજે દિવસનુ તાપમાન ૨૯ ડીગ્રી નોંધાયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૨ ડીગ્રીનો તફાવત રહ્યો હતો. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે સવારે ભેજનુ પ્રમાણ ૮૭ ટકા રહ્યુ હતુ. જો કે હવામાન તજજ્ઞોના મતે હજુ આગામી બે દિવસમાં ઠંડીનુ જોર વધશે. ત્યારે આગામી બે સપ્તાહ હજુ ઠંડીના પારામાં વિશેષ ચઢઉતર જોવા મળશે

# કોરોના ઈફેક્ટ : લગ્નવર્ધિ અન્વયે ગાંધીનગર ડેપોમાં માત્ર ૨૫નુ બુકીંગ

### લગ્ન મહોત્સવમાં માત્ર ૧૫૦ને આમંત્રિત કરવાના નિર્ણય બાદ ડેપોમાં લગ્નવર્ધિનુ બુકીંગ ડાઉન : વસંત પંચમીના દિવસે પણ માત્ર ૩ બસ લગ્નવર્ધિમાં દોડશે

ગાંધીનગર તા ૩

કોરોના કાળમાં લગ્ન મહોત્સવના આયોજનમાં સરકારે માત્ર ૧૫૦ વ્યકિતઓને જ આમંત્રિત કરવાની છુટ આપતા લગ્ન મહોત્સવના આયોજકો પણ માથુ ખંજવાળી રહ્યા છે. ત્યારે લગ્નવર્ધિ માટે દોડતી એસ ટી બસ સેવા પણ પ્રભાવિત થઈ છે. વસંત પંચમીના શુભ મુહુર્તમાં પણ એસ ટી ડેપોને લગ્નવર્ધિ માટે માંડ ૩ બસનુ બુકીંગ જ મળ્યુ છે. ઉતરાયણ બાદ અત્યાર સુધી એસ ટી ડેપોએ માત્ર ૨૫ બસો જ લગ્ન વર્ધિ માટે દોડાવી છે.

કોરોનાનુ સંક્રમણ વધતા સરકારે અગાઉ જાહેર કરેલી નવી ગાઈડલાઈન મુજબ લગ્ન સમારોહમાં માત્ર ૧૫૦ વ્યકિતઓની છુટછાટ આપવામાં આવી છે. જેના લીધે લગ્નના મુહુર્તોના દિવસોમાં લગ્ન મહોત્સવના આયોજકોની મુંઝવણ વધી છે. લગ્ન પ્રસંગે આમંત્રિતોની યાદી તૈયાર કરવાનુ આયોજકો માટે આકરી કસોટી સમાન બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે ફેબ્રુઆરી મહીનામાં વસંત પંચમી સહીતના લગ્ન માટેના શ્રેષ્ઠ મુહુર્તો હોવાથી વિશેષ લગ્ન સમારંભોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના સેકટરોમાં ઠેર ઠેર લગ્ન મંડપોની સજાવટ જોવા મળે છે. બીજીતરફ જાનૈયાઓની ગણતરી પણ ગોથે ચઢી છે. આવા સંજોગોમાં લગ્ન વર્ધી માટે જતી એસ ટી બસ સેવા પણ મંદ પડી ગઈ છે. ગાંધીનગર ડેપોને પણ લગ્ન વર્ધી માટે પુરી પાડવામાં આવતી બસ સેવા અન્વયે નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. એકબાજુ કોરોનાના સંક્રમણ વચ્ચે એસ ટી માં ૭૫ ટકા ક્ષમતા સાથે મુસાફરી કરવા માટે નિયમનો અમલ કરવામાં આવ્યો છે. જયારે લગ્નમાં પણ ૧૫૦ વ્યકિતથી વધુને આમંત્રણ નહી આપવાના નિયંત્રણ સાથે એસ ટી બસ સેવા માટે પણ ડીમાન્ડ આવતી ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગત લગ્નસિઝનના દિવસો દરમિયાન ગાંધીનગર ડેપોએ લગ્નવર્ધી માટે ૫૦ જેટલી બસો ફાળવી હતી. જયારે ઉતરાયણ બાદ લગ્નસિઝનમાં આ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના કેસ પુનઃ ૩૦૦ને પાર

### શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૬૨, રાયસણમાં ૧૩, વાવોલમાં ૩૩, કુડાસણમાં ૨૨, પાલજમાં ૨૫, પેથાપુરમાં ૧૧ અને આઈઆઈટીમાં ૧૯ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરના સે. ૨ માં ૨૨, વીઆઈપી ગણાતા સે. ૧ માં ૧૨, સે. ૫ માં ૧૨, સે. ૩૦ માં ૧૧, સે. ૬ માં ૧૨ અને સે. ૧૯ માં ૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોએ પુનઃ ગતિ પકડી છે અને આજે વધુ ૩૫૪ કેસ નોંધાયા છે. આ સાથે ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૮૭૦૦ને પાર કરી ગઈ છે.

શહેરમાં કેસોની સંખ્યા પુનઃ વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

શહેરમાં આજે સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત થયા છે. પેથાપુરના ૬૨ વર્ષીય દર્દી અને સે. ૩ ની ૬૯ વર્ષીય મહિલા દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. શહેરમાં આજે થયેલા આ બે દર્દીના મોત સાથે મૃત્યુઆંક ૬ પર પહોંચ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ છ દર્દીના મોત થયા છે. આમ શહેર-જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન ૧૨ દર્દીના મોત થયા છે. શહેર-જિલ્લામાં સારવાર દરમ્યાન મોત પામનાર દર્દીઓ કોરોના ઉપરાંત અન્ય બિમારીઓથી પણ પિડીત હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ૩૫૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ છે અને દર્દીઓને માઈલ્ડ સિમ્ટન્સ હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. શહેરમાં કોરોનાના કેસોનો પોઝીટીવીટી રેટ ૧૬ ટકાએ પહોંચ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩૨ મહિલા દર્દીઓ છે. ૫૩ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે જ્યારે ૩૧ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

શહેરમાં મહિલા, બાળ દર્દી તેમજ યુવા અને વયસ્કો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ કોરોના સામે સૌને સતર્ક અને સાવધાની રાખવા માટે જન જાગૃતિ અભિયાન પણ છેડ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્યમાં ૧૭૧ નવા કેસ : ૧૫૭ને ડિસ્ચાર્જ

### ૧૦ વર્ષથી નીચેની વયના ૬ બાળકો સંક્રમિત થયા : દહેગામ-૧૫, ગાંધીનગર-૬૯, કલોલ-૭૫, માણસામાં ૧૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાએ ફરી ફૂંફાડો માર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૭૧ કેસ નોંધાયા છે. છેલ્લા બે દિવસથી કોરોનાના નવા કેસો વધુ મળવાના શરૂ થતાં તંત્રમાં દોડધામ વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની વધ-ઘટથી હવે તંત્રની ચિંતા વધી છે. છેલ્લા બે દિવસથી કેસોની સંખ્યા વધી છે. તંત્રએ હજુ વધુ ટેસ્ટીંગ અને ટ્રેકીંગ પર ભાર મુક્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૪ હજારની નજીક પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. ગ્રામ્ય વિસ્તારમાં રોજના ૧૮૦૦ થી ૨ હજાર ટેસ્ટ કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૫, ગાંધીનગરમાં ૬૯, કલોલમાં ૭૫ અને માણસામાં ૧૨ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૪ વિદ્યાર્થી, ૪૬ મહિલા, ૮ ખેડૂત, ૧૬ સરકારી કર્મચારી, ૧૧ વેપારી, ૧ તબીબનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૩૨ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા છે. ૧૭ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે. મહિલા, વયસ્કો અને બાળ દર્દીની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓ કચેરી ફોર વ્હીલર અને ટુ વ્હીલર માટે પસંદગીના નંબરોની હરાજી કરશે

### ફોર વ્હીલર માટે બી એલ, એન, એમ અને પી, ક્યુ તેમજ ટુ વ્હીલર માટે ડીજે. થી ડીએન. સુધીની સિરીઝ માટે ૧૫ ફેબ્રુઆરીથી પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલર અને ફોર વ્હીલરમાં પસંદગીના નંબરો મેળવવા માટે ઈ ઓક્શનની પ્રક્રીયા હાથ ધરાશે. જેમાં ફોર વ્હીલર માટે જી જે ૧૮ બી એલ , બી એમ બી એન , બી પી, અને બી ક્યુ સીરીઝના નંબરો ફાળવવા માટે પ્રક્રીયા હાથ ધરાશે ઓનલાઈન હરાજી માટેની પ્રક્રીયા તા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ કરી દેવાશે. જયારે તા ૧૮ થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન વાહન માલિકો બીડીંગ કરી શકશે. ગાંધીનગરમાં જી જે ૧૮ ના રૂઆબદાર પાસિંગ સાથે પસંદગીનો નંબર મેળવવાનો વિશેષ ક્રેઝ છે. જેથી વાહનમાલિકો તેમના પસંદગીના નંબરો મેળવવા માટે તગડી રકમ ચુકવે છે. જેના લીધે આર ટી ઓને પણ વધારાની આવક થતી હોય છે.

ગાંધીનગરમાં આર ટી ઓ કચેરીમાંથી પાસિંગ થતા વાહનો અન્વયે જી જે ૧૮ ના પાસિંગ સાથે પસંદગીના નંબરો મેળવવા માટે વાહનચાલકોમાં વિશેષ ક્રેઝ જોવા મળે છે જયારે શહેરીજનો પણ પોતાની પાસે એક વાહનનો જે પસંદગીનો નંબર હોય તે જ નંબર પોતના બીજા વાહનમાં પણ રાખવાનો આગ્રહ રાખે છે જયારે થોડા સમય અગાઉ જ સરકારે પણ જુના વાહનોનો નંબર પાસે રાખવા માટે રીટેઈન પધ્ધિતની શરૂઆત કરી છે. જો કે નવા વાહનોમાં પસંદગીનો નંબર મેળવવા માટે આર ટી ઓ કચેરી દ્વારા દર નવી સીરીઝ શરૂ થાય ત્યારે ઓનલાઈન હરાજી કરવામાં આવે છે. વાહનોમાં પસંદગીના નંબરો મેળવવા માટે આગામી દિવસોમાં આર ટી ઓ કચેરી દ્વારા ઓનલાઈન હરાજી પ્રક્રીયા હાથ ધરાશે. જેમાં ફોર વ્હીલરની જી જે ૧૮ બી એલ, બી એમ, બી એન, બી પી, અને બી ક્યુ સીરીઝને અનુલક્ષી ઈ ઓકશન કરવામાં આવશે આ ઉપરાંત ટુ વ્હીલર માટે જી જે ૧૮ ડી જે, ડી કે, ડી એલ,ડી એમ અને ડી એન સીરીઝ માટે પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયા હાથ ધરાશે. આર ટી ઓ કચેરી દ્વારા આગામી તા ૧૫ ફેબ્રુઆરીથી આ ઓનલાઈન હરાજી સંદર્ભે પ્રક્રીયા હાથ ધરાશે જેમાં વાહનચાલકોએ તા ૧૮ થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન બીડીંગ કરવાનુ રહેશે. આર ટી ઓ કચેરી દ્વારા અગાઉ પણ પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયા અન્વયે લાખોની આવક કરવામાં આવી છે. ગાંધીનગરમાં પણ વાહનચાલકો દિનપ્રતિદિન પસંદગીના નંબરો મેળવવા માટે ઉત્સુક બની રહ્યા છે. જેમાં નંબર સાથે તેનો સરવાળો, લગાઉ અને ન્યુમેરોલોજીમાં વિશ્વાસ ધરાવતા વાહનચાલકો પણ પસંદગીના નંબરો માટે સૌથી વધુ કીંમત ચુકવવા પણ તૈયાર રહે છે. જેના લીધે આર ટી ઓ તંત્રને પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયા આવકનુ તગડુ સાધન બની છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com